દાદા ભગવાન પરિવારનું

ઓક્ટોબર ૨૦૨૩

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૬, અંક : ૦૨
સળંગ અંક : ૧૮૨
ઓક્ટોબર ૨૦૨૩

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.

© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ
ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જોઈએ છે, ને મળતું નથી ?



## સંપાદકીય

હું કેટલું બધું ભણું છું, પણ મારા માર્ક્સ કેમ સારા નથી આવતા ? મારે ફરવા જવું હતું અને તાવ આવી ગયો, મારે આઈસ્ક્રીમ ખાવો છે અને ડૉક્ટર ના પાડે છે.

શું ક્યારેય તમારી સાથે આવું થાય છે કે તમને કંઈક જોઈએ છે અને મળતું નથી ? આવું કેમ થતું હશે ? અંતરાયના કારણે !

અંતરાય શું છે ? શું કરવાથી અંતરાય પડે ? શું કરવાથી અંતરાય તૂટે ? નેગેટિવિટીને અંતરાય સાથે શું કનેક્શન છે ? ચાલો, દાદાશ્રીની વાણી, ઉદાહરણો, સ્ટોરીસ અને ઓલીની ચેલેન્જ દ્વારા દાદાશ્રીનું અંતરાયનું સાયન્સ સમજીએ અને ફરી અંતરાય ના પડે એવા જાગૃત રહીએ.

- ડિમ્પલ મહેતા


ચાલો રમીએ...
અસ્ત-વ્યસ્ત પડેલી વસ્તુઓને એમની સાચી જગ્યા બતાવો.

# જ્ઞાનીઓ કહે છે...

**પ્રશ્નકર્તા : અંતરાય શું છે ?**

**દાદાશ્રી : આપણને જરૂરિયાતવાળી વસ્તુ મળતી નથી અને આપણે ધારેલું થતું નથી એ બધા અંતરાય છે. અંતરાય એટલે પોતાના ધાર્યા પ્રમાણે સફળતા ના મળે. અંતરાય ચીજો ભેગી ના થવા દે. આપણે ખોળીએ તોય મળે નહીં, એ આપણા અંતરાય છે.**

પ્રશ્નકર્તા : અંતરાયો કેવી રીતે પડે છે ?

**દાદાશ્રી :**

**૧. આંતર્યું (અટકાવ્યું) એનું નામ અંતરાય. લોકોને જે પ્રાપ્ત થતું હોય એમાં આંતરો પાડો (અટકાવો) કે, આમાં શું આપવા જેવું છે ? તેનાથી તમને અંતરાય પડે.**

દા.ત. :

- કોઈ ગરીબ માણસને કોઈ પૈસા આપતો હોય અને તમે જો એ માણસને પૈસા આપતા અટકાવો, તો તમને પૈસાના અંતરાય પડે.
- કોઈ સત્સંગમાં આવવા તૈયાર થાય ને તમે ના કહો એટલે તમને (સત્સંગમાં જવાના) અંતરાય પડે.





**૨. નેગેટિવ બોલવાથી બહુ અંતરાય પડે.**

દા.ત. :


- કેરી ખાવાની આવે ને આપણે કહીએ કે, કેરી-બેરી મને ના ફાવે, હું ના ખાવ, તો આપણને કેરી ખાવાના અંતરાય પડે. ભવિષ્યમાં કેરી ખાવાની ઈચ્છા થાય તોય કેરી ના મળે.
- કોઈ સારા કપડાં પહેરીને જતો હોય અને આપણે કહીએ કે, આ તો નકામા પૈસા વાપરે છે, તો આપણને સારા કપડાંના અંતરાય પડે.
- એક દહાડો બગીચાથી કંટાળ્યો હોય અને કહે, આ બગીચામાં કોઈ દહાડોય આવવા જેવું નથી, પછી જ્યારે ત્યાં જવાનું થાય ને, ત્યારે આપણો જ ઊભો કરેલો અંતરાય પાછો સામો આવે અને બગીચામાં જવા ના મળે.

ચાલો રમીએ...

સાઈન્ટિસ્ટને રોકેટ સુધી અને સેટેલાઈટને ચંદ્ર સુધી પહોંચાડો.




અધૂરું ચિત્ર પૂરું કરો.





# આ તો

નેગેટિવ બોલે તેના
અંતરાય પડે ને પૉઝિટિવના
અંતરાય ના પડે.
દા.ત. : કોઈ સારા માર્ક્સ લાવે ત્યારે
એના પૉઝિટિવ જોવાને બદલે આપણે
નેગેટિવ જોઈએ કે આ તો ટીચરને
મસકા મારીને આગળ આવે છે, તો
આપણને સારા માર્ક્સ
લાવવામાં અંતરાય પડે.





આપણને તો આવડે જ
નહીં, એમ કહીને અંતરાય
ઊભા કરેલા. આપણને તો
આવડે જ એવું બોલે એટલે
અંતરાય તૂટે.





નિશ્ચયથી
અંતરાય તૂટે.
દા.ત. : સાઈકલ શીખવામાં
તકલીફ પડતી હોય અને
આપણે સ્ટ્રોંગ નિશ્ચય કરીએ
કે, હું શીખી જ લઈશ, તો
તકલીફો દૂર થઈ જશે.

# નવી જ વાત !

કોઈને તમે નાલાયક કહો
તો તમારી લાયકાત ઉપર
અંતરાય પડે છે ! તમે આના તરત
પ્રતિક્રમણ કરો તો એ અંતરાય પડતા
પહેલા ધોવાઈ જાય.
દા.ત. : તને સ્પીચ આપતા નહીં આવડે,
એમ કહીએ તો આપણને બોલવામાં
તકલીફ પડશે. પણ જો તરત માફી
માંગી લઈએ તો અંતરાય
ભૂંસાઈ જાય.




# ધ વિન્ડ મિલ પ્રોજેક્ટ

તે દિવસે સરસ્વતી સ્કૂલના બાળકો સાયન્સ ક્લાસની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. રાઘવ સર સાયન્સ ફેરની ટીમના નામ અનાઉન્સ કરવાના હતા. જેવા સર ક્લાસમાં પ્રવેશ્યા, બધાના હૃદયના ધબકારા વધી ગયા.

ઓકે સ્ટૂડન્ટ્સ, આપણી આ વખતની ટીમ છે - આશુ, મ્રીનલ, ઋગ્વેદ અને નિખિલ. આ વર્ષે નિખિલ શાસ્ત્રી પ્રોજેક્ટને લીડ કરશે.

નવી ટીમ માટે તાળીઓ વગાડવાને બદલે ક્લાસમાં શાંતિ છવાઈ ગઈ. એક નવો આવેલો છોકરો આટલો મોટો પ્રોજેક્ટ લીડ કરશે ? નિખિલને પણ પોતાનું નામ સાંભળીને આશ્ચર્ય થયું.



'નેક્સ્ટ વીકમાં મને સાયન્સ ફેર માટે આઈડિયા કહી દેજો', ક્લાસ પત્યો એટલે રાઘવ સરે કહ્યું. ટીમે સ્કૂલ પછી એક ખાલી ક્લાસમાં મળવાનું નક્કી કર્યું.

જેવો નિખિલ ક્લાસમાં પ્રવેશવા ગયો, એણે ટીમની ઘુસપુસ સાંભળી, 'નિખિલ શાસ્ત્રી ! આ રાઘવ સરની ચૉઈસને શું થઈ ગયું છે ? ઋગ્વેદને લીડર બનાવવા જેવો હતો.'

આ શબ્દો સાંભળી નિખિલના દિલમાં ઘા વાગ્યો. એણે પોતાની જાતને સંભાળી અને ક્લાસમાં દાખલ થયો. બધા અચાનક ચૂપ થઈ ગયા.

નિખિલે થોડી હિંમત ભેગી કરીને કહ્યું, 'ફ્રેન્ડ્સ, કંઈક સરસ વિચારીએ ! સાયન્સ બહુ ઈન્ટરેસ્ટિંગ વિષય છે.'

બધાએ વિચારવાનું શરૂ કર્યું. દરેક પાસે જુદા જુદા આઈડિયા હતા. છેવટે બધાએ 'વિન્ડ મિલ (પવનચક્કી) પ્રોજેક્ટ' કરવાનું નક્કી કર્યું. રાઘવ સરને આઈડિયા ગમ્યો. ટીમે કામ શરૂ કર્યું.

વિન્ડ મિલની પાંખો એક્સ-રે રિપૉર્ટથી બનાવવાનો વિચાર કર્યો. આઈડિયા તો સહેલો હતો પણ ટીમને વસ્તુ સહેલાઈથી મળતી નહોતી.

અરે યાર, આટલી સિમ્પલ વસ્તુ મળવામાં આટલી તકલીફ કેમ પડે છે ? આશુ અને શ્રીનલ રિપૉર્ટ શોધીને કંટાળી ગયા હતા.

આખરે એક અઠવાડિયાની શોધ પછી નિખિલને પોતાના એક અંકલ પાસેથી જૂના રિપૉર્ટ મળ્યા. પાંખો તો બની ગઈ. પછી કામ આવ્યું જનરેટર લાવવાનું. ઋગ્વેદે ઑનલાઈન ઑર્ડર કરવાની જવાબદારી લીધી હતી.

'ઋગ્વેદ, જનરેટરની ડિલિવરીની તારીખ શું છે ?' નિખિલે પૂછ્યું.

'ઓહ નો ! હું તો ઑર્ડર કરવાનો સાવ ભૂલી જ ગયો.' ઋગ્વેદના અવાજમાં બહુ જ અફસોસ હતો. એણે તરત જ પોતાનું કામ સાઈડમાં મૂકીને, ફોન હાથમાં લઈને ઑર્ડર કરવા માટે સાઈટ ખોલી.

'શું થયું ઋગ્વેદ ? તું આટલો સીરિઅસ કેમ થઈ ગયો ?' આશુએ પૂછ્યું.

આ આઈટમ તો આઉટ ઑફ સ્ટૉક છે. હવે આપણે શું કરીશું ? સ્ટૉકમાં આવશે ત્યાં સુધી તો આપણા પ્રોજેક્ટની સબમિશન ડેટ નીકળી ગઈ હશે. ઋગ્વેદ બહુ નિરાશ થઈ ગયો.

બધા રાઘવ સર પાસે પ્રૉબ્લેમ લઈને ગયા. પણ સરે તો બધાને જાતે જ સૉલ્યુશન શોધવા માટે કહ્યું.

બધા ગભરાઈ ગયા. જીતવાની વાત તો બાજુએ રહી, અત્યારે તો પ્રોજેક્ટ પૂરો કરવો પણ અઘરો હતો. શ્રીનલ તો રડવા જેવી થઈ ગઈ.

આ પ્રોજેક્ટનું નામ તો 'વિન્ડ મિલ પ્રોજેક્ટ'ના બદલે 'રુકાવટ કે લિયે ખેદ હૈ' હોવું જોઈતું હતું. કોઈ પણ કામ સીધી રીતે પતતું જ નથી.

'અત્યારે આપણે શાંતિથી ઘરે જઈએ અને ઘરે જઈને થોડા આઈડિયા વિચારીએ. ચોક્કસ કંઈક સૉલ્યુશન મળી જશે.' નિખિલે એના ટીમ મૅટ્સને કહ્યું. પણ કોઈને નિખિલની વાત પર વિશ્વાસ નહોતો. બધાએ મનોમન હાર માની લીધી.

સાંજે નિખિલ પોતાનો દૂધનો ગ્લાસ લઈને બાલ્કનીમાં બેઠો હતો. એની નજર એક સાઈકલ પર પડી અને અચાનક એને એક આઈડિયા આવ્યો.

અરે હા ! દાદાજીની જૂની સાઈકલમાં ડાઈનેમો છે. એ પણ તો એક જાતનું જનરેટર જ કહેવાય ને !





સાઈકલના પૈડાથી ઉત્પન્ન થતી મિકેનિકલ એનર્જીને એ ઈલેક્ટ્રિકલ એનર્જીમાં કન્વર્ટ કરે છે. વિન્ડ મિલ પણ તો એ જ સિદ્ધાંત પર કામ કરે છે.

બીજા દિવસે નિખિલ ડાઈનેમો અને એક નાનકડો લાઈટ બલ્બ લઈને સ્કૂલે પહોંચ્યો. ટીમને એનો આઈડિયા બહુ જ ગમ્યો. સ્કૂલ પછી બધાએ પ્રોજેક્ટ પર કામ કર્યું અને ડાઈનેમો વિન્ડ મિલ સાથે કનેક્ટ કર્યો. પવનથી જ્યારે વિન્ડ મિલની બ્લેડ્સ ફરી ત્યારે લાઈટ બલ્બ ચમકી ઊઠ્યો. બધાએ તાળીઓ પાડી અને ખૂબ ઉત્સાહમાં આવી ગયા. સાયન્સ ફેરમાં જઈને પોતાનો પ્રોજેક્ટ બતાવવાની બધાના મનમાં ઉતાવળ જાગી. ક્લાસરૂમના એક ખૂણામાં પ્રોજેક્ટ મૂકીને બધા ખુશી ખુશી ઘરે ગયા.

બીજા દિવસે જ્યારે સ્કૂલે આવ્યા ત્યારે પોતાના પ્રોજેક્ટની હાલત જોઈને બધાને ધ્રાસકો પડ્યો. રાત્રે જોરદાર પવન ફૂંકાઈને વરસાદ પડ્યો હતો. ભૂલથી ક્લાસરૂમની બારી ખુલ્લી રહી ગઈ હતી. ટીમનો પ્રોજેક્ટ સાવ ભીંજાઈ ગયો હતો.

'બધું ખલાસ થઈ ગયું' આશુએ કહ્યું.

'આપણે સરને કહી દઈએ કે આપણી સ્કૂલનું નામ કૉમ્પિટિશનમાંથી કાઢી નાખે.' ક્રીનલે ધીમા અવાજે કહ્યું.

નિખિલ પણ સાવ તૂટી ગયો. રિસેસમાં નિખિલ એક ખૂણામાં બેસીને પ્રોજેક્ટ પર ફરી ગયેલા પાણી વિશે વિચારતો હતો. અચાનક, રાઘવ સરે આવીને એના ખભે હાથ મૂક્યો.

'સર, સૉરી. તમે મને લીડર તરીકે પસંદ કર્યો, પણ હું ફેલ થઈ ગયો.' નિખિલે હતાશ થઈને કહ્યું.

'તને ખબર છે નિખિલ, મેં તને કેમ પસંદ કર્યો હતો ?' સરે શાંતિથી પૂછ્યું.

'ના, સર. મને પણ નવાઈ લાગી જ્યારે તમે મને સિલેક્ટ કર્યો.', નિખિલે ધીમા અવાજે કહ્યું.

'યંગ મેન, આ સ્કૂલમાં તને તારી એડમિશન પ્રોસેસ યાદ છે ? જૂની સ્કૂલની તારી માર્કશીટ જોઈને અમે તને પહેલા રિજેક્ટ કર્યો હતો. પણ તેં હાર નહોતી માની. તું રોજ આવીને સ્કૂલની ઑફિસમાં બેસતો હતો. આખરે એક દિવસ તેં મને મનાવી લીધો કે જૂની સ્કૂલમાં ઓછા માર્ક્સ તને માંદગીના કારણે આવ્યા હતા. અને આ સ્કૂલમાં એડમિશન માટે બધા ટીચર્સે નવેસરથી તારી પરીક્ષા લેવી જોઈએ. પરીક્ષામાં તો તું પછી પાસ થયો. પણ તારી ધગશ જોઈને મેં તને એ પહેલા જ પાસ કરી દીધો હતો. ત્યારે હાર નહોતી માની તો આજે કેમ માની લીધી ?' સરે કહ્યું.

'સર, સ્કૂલમાં એડમિશન મેળવવા માટે હું એકલો હતો અને આ વખતે હું ટીમ સાથે છું. હું એમના પર

ડિપેન્ડન્ટ છું.' નિખિલે કહ્યું.

'પણ નિશ્ચય કરવામાં કે ધગશ રાખવામાં તો તું કોઈના પર ડિપેન્ડન્ટ નથી ને !' સરે પૂછ્યું.

નિખિલની આંખોમાં ચમક આવી ગઈ. એ તરત ઊભો થઈ ગયો.

એણે સરને થેન્ક યૂ કહ્યું અને એ વિન્ડ મિલ પાસે દોડ્યો. ડાઈનેમો કાઢીને એ ઘરે લઈ ગયો. ઘરે ટેસ્ટ કર્યો તો ડાઈનેમો ચાલતો હતો. એટલે ફક્ત વિન્ડ મિલની બ્લેડ્સ જ બગડી હતી.

બીજા દિવસે નિખિલ ઉત્સાહપૂર્વક એના ફ્રેન્ડ્સને મળ્યો અને કહ્યું, 'ફ્રેન્ડ્સ આપણી પાસે બે દિવસ છે. પણ હું એકલો આ કામ નહીં પતાવી શકું.'

'એટલે, તું મૉડલ ફરી બનાવવાની વાત કરે છે ? એ તો પૉસિબલ જ નથી.' બધાએ એકસાથે કહ્યું.

પહેલેથી હાર માની લઈશું તો જીતવાનો કોઈ ચાન્સ જ નથી. પણ જો એકવાર ટ્રાય કરીશું તો જીતવાની એક આશા છે. અને હવે તો આપણી પાસે મૉડલ બનાવવાનો અનુભવ પણ છે.

નિખિલે બધાને મનાવવાની કોશિશ કરી. જો કે એ કામ સહેલું નહોતું, પણ નિખિલનો નિશ્ચય પાકો હતો, એણે બધાને કોશિશ કરવા માટે મનાવી લીધા.

બીજીવારમાં બધાએ પહેલીવાર કરેલી ભૂલો રિપીટ ના કરી અને એટલે જ કામ જલદી પતી ગયું.

કૉમ્પિટિશનમાં જજીસને વિન્ડ મિલ પ્રોજેક્ટ બહુ ગમ્યો અને એમને સેકન્ડ પ્રાઈઝ મળ્યું.

જ્યારે ટીમે એમની ટ્રોફી રાઘવ સરના હાથમાં આપી ત્યારે સરે ગર્વથી બધાને કહ્યું, 'આ ટ્રોફી કરતા પણ વધુ મોટી જીત કઈ છે, જાણો છો ? અડચણોમાંથી પસાર થઈને મેળવેલી શક્તિ !'

તે દિવસે નિખિલ સાથે આખી ટીમે એક મોટો પાઠ શીખ્યો હતો, જો નિશ્ચય પાકો હોય તો ગમે તેવી મુશ્કેલીમાંથી પણ પાર નીકળવું શક્ય છે !



# સેમ ટુ ડિફરન્ટ



ક્રિષા, કેમ આટલી સેડ છે ?
આને તો કંઈ ગાર્ડન કહેવાય ?! અહીં તો રમવાનું પણ નથી.
અરે, આટલું ફાઈન તો છે. ચલ, આપણે થોડું વૉક કરીએ.
ના, મને ભૂખ લાગી છે. મારે ઘરે જવું છે.
ઓકે બાબા... ઘરે જઈએ. આમ પણ મારે પેકિંગ કરવું છે. આ વીક એન્ડમાં ડેડી અમને એક સરપ્રાઈઝ જગ્યાએ લઈ જઈ રહ્યા છે.
ઘરે...
શું થયું ક્રિષા ? કેમ મૂડ ખરાબ છે ?
મારી ફ્રેન્ડ સલોની ફરવા જવાની છે. અને હું અહીંયા બૉર થઈ જઈશ.
તું શું કામ બૉર થાય ? આપણે પણ આ વીક એન્ડમાં મિસોલી જઈ રહ્યા છીએ.
મિસોલી ?! ત્યાં શું છે ?
તારું ફેવરિટ, પૅરાગ્લાઈડિંગ !
વાઉ પપ્પા ! યૂ આર ધ બેસ્ટ !


મિસોલીમાં...
આ હૉટલ તો કેટલી ગંદી છે અને ફૂડ તો સાવ બેકાર છે. પપ્પા, આપણે પૅરાગ્લાઈડિંગ માટે ક્યારે જઈશું ?
સાંજે.
સાંજે...
ચાલો ગાર્ડનમાં જવા માટે હું રેડી છું.
ગાર્ડન ?! આપણે તો પૅરાગ્લાઈડિંગ માટે જવાના હતા ને ?
હા, ભાઈ હા, પૅરાગ્લાઈડિંગ સ્પૉટ ગાર્ડન પાસે છે. તું તારું એન્જૉય કરજે અને હું ગાર્ડનની મજા લઈશ.
રસ્તામાં સિક્યુરિટી પોસ્ટ પર,
સૉરી સર, વાતાવરણ બગડી જવાને કારણે આગળ રસ્તો બંધ છે.
ક્યારે ખૂલશે ?
કહેવાય નહીં સર. પણ અહીં નજીકમાં જ એક રૉક ગાર્ડન છે જ્યાં સરસ સીનરી જોવા મળશે.
રૉક ગાર્ડનમાં...
આ કેવી વિચિત્ર દિવાલ બનાવી દીધી છે. પાછળના પહાડોની સુંદરતા દેખાતી જ નથી.
જેમ આપણે નેગેટિવિટીના પથ્થરો મૂકીને દિવાલ બનાવી દઈએ છીએ, એવી જ છે ને ?


એટલે ?
સુંદરતા છે પણ દેખાતી નથી. તે જ રીતે આપણે પણ નેગેટિવ બોલી બોલીને એક દિવાલ બનાવી દઈએ છીએ.
એવી દિવાલ જે આપણને આપણી જોઈતી વસ્તુઓ મળવા ના દે. પૉઝિટિવ રહીએ તો દિવાલ ના બને.
કંઈ સમજાયું નહીં. પણ મને તો ક્યારેય મારું મનપસંદ કશું મળતું જ નથી. મારે ઘરે જવું છે.
સોમવારે સ્કૂલમાં...
કેવું રહ્યું વીક એન્ડ ક્રિષા ?
સાવ બેકાર, પૂછીશ જ નહીં. તારું કેવું રહ્યું ?
શાનદાર ! સરપ્રાઈઝની જગ્યા તો બહુ જ મસ્ત હતી !
એમ ? ક્યાં ગયા હતા ?


મિસોલી. લકીલી મેં ત્યાં પૅરાગ્લાઈડિંગ પણ કર્યું. મારું પત્યું પછી વાતાવરણ બગડ્યું અને પૅરાગ્લાઈડિંગ બંધ થઈ ગયું.
શું ? તું મિસોલી ગઈ હતી ! કેવું કહેવાય કે આપણે બન્ને સરખી જગ્યાએ ગયા પણ જુદો અનુભવ કર્યો.
શું ? તું પણ મિસોલીમાં હતી ? તો તને મજા કેમ ના આવી ?
કારણ કે, મેં નેગેટિવિટીની દિવાલ બનાવી દીધી છે. એ હવે તોડવાની છે.
શું ?
કંઈ નહીં. ચલ, ગાર્ડનમાં જઈને વૉક કરીએ ?



# ઓલીની ચેલેન્જ

હું છું ઓલી ઘુવડ, હું પણ આલુ અને ચીલીની જેમ ડીડીમા જંગલમાં રહું છું. હું ખૂબ વાંચું છું અને એમાંથી જુદી જુદી ચેલેન્જ બનાવીને આલુ અને ચીલીને સૉલ્વ કરવા આપું છું. આજે હું તમારી માટે એક ચેલેન્જ લાવ્યો છું. તો તમારી પેન્સિલ લઈને રેડી થઈ જાવ.

આજે સ્કૂલમાં નાસ્તામાં ચીલી, 'ચીલી ચીઝ સેન્ડવિચ' લાવ્યો હતો. આલુને એ બહુ જ ભાવે છે. જેવી રિસેસ પડી, બન્નેએ ડબ્બો ખોલ્યો. ત્યાં તો દૂરથી થીઓ આવતો દેખાયો. ચીલી એને બૂમ પાડી સેન્ડવિચ ખાવા બોલાવવા જતો જ હતો ત્યાં આલુએ કહ્યું, 'રહેવા દે, ચીલી ! થીઓ બધું ખાઈ જશે. પછી આપણા માટે કંઈ નહીં બચે.' આલુએ ખૂબ મજાથી બહુ બધી 'ચીલી ચીઝ સેન્ડવિચ' ખાધી.

રોજની જેમ સાંજે આલુ અને ચીલી 'ચીલી આઈસ્ક્રીમ' ખાવા ગયા. ત્યાં તેમને જાણવા મળ્યું કે એક નવો 'મેંગો આઈસ્ક્રીમ' આવ્યો છે. ચીલીએ તરત જ ઘસીને ના પાડી, "છી..., મારે નથી ખાવો, મેંગો તો કેટલી ગળી હોય." આલુએ 'મેંગો આઈસ્ક્રીમ' મંગાવીને ખાધો અને એને ખૂબ જ ભાવ્યો પણ ચીલીએ તો ચાખ્યો પણ નહીં.

ત્યાંથી બન્ને લાઈબ્રેરીમાં જઈને કલ્પટોપ પર પૂજ્યશ્રીનો લાઈવ સત્સંગ જોવાના હતા અને ઍક્ટિવિટી કરવાના હતા. ત્યાં જ આલુએ બધાને તળાવમાં મસ્તી કરતા જોયા. એ જોઈને એણે ચીલીને કહ્યું, 'ચલ ને, સત્સંગમાં તો કાયમ જઈએ જ છીએ. આજે પાણીમાં રમીએ.' અને બન્ને લાઈબ્રેરીના બદલે તળાવે પહોંચી ગયા.

તળાવ પર કોયલ અને નાઈટેંગલ સાથે મળીને સુરીલા અવાજમાં ગીત ગાતા હતા. એ જોઈને આલુએ ખુશ થઈને ચીલીને પણ એમની સાથે ગાવાનું કહ્યું. ચીલીએ એકદમ ગભરાઈને કહ્યું, 'મને એમની સાથે ગાતા નહીં આવડે.'

તમને આ અક્રમ એક્સપ્રેસ વાંચીને શું લાગે છે ? આલુ-ચીલીએ પોતાના આખા દિવસમાં કોઈ અંતરાય પાડ્યા ? આપેલા અંતરાય આલુ-ચીલીમાંથી કોણે પાડ્યા તેના પર ટીક કરો અને તમે એમને કઈ સમજણ વાપરવાનું કહેશો તેનો નંબર આપેલા ગોળમાં લખો.

મને નથી આવડતું એવું થયું એટલે આવડત પર અંતરાય પડે.

આલુ ચીલી

કશું કરવાનો નિશ્ચય પાકો ના હોય તો એ વસ્તુના અંતરાય પડે.

આલુ ચીલી

ખાવાનું સામે આવ્યું તેમાં તરછોડ મારી, એટલે ફરી ખાવાનું ભેગું ના થાય.

આલુ ચીલી

કોઈને કંઈ મળતું હતું તેમાં આપણે રોક મૂકી, એટલે પોતાને જરૂર પડશે ત્યારે નહીં મળે.

આલુ ચીલી

સમજણ :

૧. જે ખાવાનું મળે તે ખાઈ લઈએ, ના ભાવતી વસ્તુ મૂકી હોય તો થોડી ચાખી લઈએ.

૨. 'મને કેમ ના આવડે ?' એમ દૃઢપણે થાય ત્યારે અંતરાય તૂટે.

૩. બોલ્યા પછી તરત પ્રતિક્રમણ કરીએ તો અંતરાય પડતા પહેલા ધોવાઈ જાય. એટલે મનમાં પશ્ચાત્તાપ કરીએ, ક્ષમા માગીએ અને નક્કી કરીએ કે આવું ફરી ના બોલવું જોઈએ તો ભૂંસી શકાય.

૪. 'જવું જ છે' એવો પાકો નિશ્ચય કરે તો, નિશ્ચયથી અંતરાય તૂટે.

# શ્રી ઋષભદેવ ભગવાનનું પહેલું પારણું



દસ લાખ વર્ષ પહેલા, ગઈ ચોવીસીના પ્રથમ તીર્થંકર, શ્રી ઋષભદેવ ભગવાને દેવોની ઉપસ્થિતિમાં એક ભવ્ય મહોત્સવમાં દીક્ષા સ્વીકારી. દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસથી પ્રભુએ મૌન પણ ધારણ કર્યું.

પ્રભુ ભિક્ષા વહોરવા જતા ત્યારે સરળ ગામવાસીઓ પ્રભુનું સ્વાગત કરવા માટે પ્રભુના ચરણોમાં સોના, મોતી અને રત્નોના ઢગલા કરતા. પ્રભુ તો મૌનપૂર્વક ત્યાંથી આગળ વધી જતા. ભોજન માટે એમને કશું જ મળતું નહીં. પ્રભુને દીક્ષા લીધે તેર મહિનાથી વધુ સમય વીતી ગયો હતો. ૪૦૦ દિવસથી પ્રભુના ઉપવાસ ચાલી રહ્યા હતા. ગામેગામ વિચરતા, એક દિવસ પ્રભુ હસ્તિનાપુરમાં આવી પહોંચ્યા.

બપોરનો સમય હતો. પ્રભુ ભિક્ષા માટે નગરમાં નીકળ્યા હતા. પ્રભુ આગળ હતા, લોકો એમની પાછળ ચાલી રહ્યા હતા.

અંદર અંદર લોકો વાતચીત કરી રહ્યા હતા, 'પ્રભુ કંઈ લેતા નથી, પ્રભુ કંઈ બોલતા પણ નથી.' નગરના લોકો પ્રભુને અલંકારોની ભેટ ધરી રહ્યા હતા.

યુવરાજ શ્રેયાંસકુમાર એમના મહેલમાંથી બહાર નીકળ્યા. લોકોમાં થઈ રહેલો કોલાહલ યુવરાજના કાને પડ્યો. અતિ આનંદિત થઈ એમણે પ્રભુના દર્શન કર્યા. પ્રભુના ભાવપૂર્વક દર્શન કરતાની સાથે જ શ્રેયાંસકુમારને એવું જ્ઞાન થયું, કે જેનાથી એમને ખ્યાલ આવી ગયો કે પ્રભુ ભિક્ષામાં શું ગ્રહણ કરશે.

તુરંત જ શ્રેયાંસકુમારે પ્રભુને શેરડીના રસથી ભરેલા સુવર્ણ ઘડાઓ ભેટ ધર્યા. શ્રેયાંસકુમારે પ્રભુને વિનંતી કરી, 'ભગવાન, આ શેરડીનો રસ ગ્રહણ કરો.' પ્રભુએ પોતાનો હાથનો ખોબો આગળ ધર્યો. શ્રેયાંસકુમારે ખૂબ દિલથી અને ભાવથી પ્રભુને શેરડીનો રસ પીવડાવ્યો. આમ, પ્રભુનું પ્રથમ પારણું શ્રેયાંસકુમારે શેરડીના રસથી કરાવ્યું.

પ્રભુના પારણાના પ્રભાવથી આકાશમાં પાંચ દીવાઓ પ્રગટ થયા.

ઋષભદેવ પ્રભુને તેર તેર મહિનાઓ સુધી ભિક્ષામાં ખાવા-પીવાલાયક કશું ના મળ્યું તેની પાછળ એક રહસ્ય હતું.

પૂર્વે કોઈ ભવમાં પ્રભુએ એક ખેડૂતને પોતાના બળદોને લાકડીથી મારતા જોયો. કારણ એમ હતું કે કામ કરતી વખતે બળદો અનાજ ખાઈ રહ્યા હતા. નિર્દોષ પ્રાણીઓ ઉપર મરાતી લાકડીઓ જોઈને પ્રભુનું હૃદય દ્રવી ઊઠ્યું.

બળદોને માર ન પડે અને બળદો અનાજ પણ ના ખાઈ જાય, તે માટે પ્રભુએ ખેડૂતને બળદોના મોઢે શીકું (મોઢું બાંધવા માટે ઝોળી) બાંધવાની સલાહ આપી. કામ પૂરું થતા, ખેડૂતને શીકું છોડવાનું યાદ ના આવ્યું. પરિણામે બળદો તેર ઘડી અન્ન-જળ વિના રહ્યા અને ખૂબ નિસાસા નાખ્યા.

પ્રભુની સલાહના કારણે બળદોને અન્ન વગર રહેવું પડ્યું. બળદોને અન્ન ખાતા આંતર્યા અને એ ભૂલનું પરિણામ એવું આવ્યું કે તેર મહિના સુધી પ્રભુને ભિક્ષા ના મળી.

અને આમ, પ્રભુની એક નાનકડી ભૂલના કારણે બળદોને તેર ઘડી અન્ન-જળ વગર રહેવું પડ્યું. આના ફળ સ્વરૂપે બીજા જન્મમાં એમને તેર મહિના સુધી ભિક્ષા મેળવવામાં અંતરાય ભોગવવા પડ્યા.



**Akram Express**

October 2023
Year : 16, Issue : 02
Conti. Issue No.: 182

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month


# મનગમતા ડેઝર્ટસ કેમ રહ્યા છે ઓગળી...જાણવા માટે વાંચો...

# ઓહ નો ! ક્રીમલેન્ડ ઓગળી રહ્યું છે !!




## મેળવો ત્રિમંદિરના બુકસ્ટોલ પરથી...

ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ...

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેંગેઝિન નથી મળ્યું એ મહિનો.


*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhtral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*